## દક્ષિણ ગુજરાત સમસ્ત ચૌધરી સમાજ મહાસંઘ (ફેડરેશન)ની બેઠક તા.૩૧/૧૨/૦૬ નાં રોજ વ્યારા ખેતી વાડી ઉત્પન્ન બજાર સમિતી વ્યારા ખાતે મળેલ હતી જેની કાર્યવાહી નોંધઃ–

૧.દક્ષિણ ગુજરાત સમસ્ત ચૌધરી સમાજ મહાસંઘ (ફેડરેશન)ની બેઠક ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતી વ્યારા ખાતે શ્રી ચૌધરી સમાજ વ્યારા નાં સહયોગ થી શ્રી તુષારભાઈ એ ચૌધરી સંસદ સભ્યશ્રી માંડવી નાં અધ્યક્ષ સ્થાને મળેલ હતી.

૨.બેઠક ની શરૂઆત વ્યારા ચૌધરી સમાજનાં પ્રમુખશ્રી ર્ડા.સુરેશભાઈ ચૌધરીએ સ્વાગત પ્રવચન થી બેઠકમાં પધારેલા તમામ સભ્યો નું સ્વાગત કરવામાં આવ્યું

૩ બેઠક માં હાજર રહેલા તમામ સભ્યોનો પરિચય વિધી કરવામાં આવ્યો.

૪ .દક્ષિણ ગુજરાત સમસ્ત ચૌધરી સમાજ મહાસંઘ (ફેડરેશન) ની રચના નો ઉદ્દેશ તેના હેતુઓ તથા સુચિત બંધારણ ની મુખ્ય જોગવાઈઓ નું વાંચન તથા સમજુતી શ્રી પ્રભુદાસ બી ચૌધરી દ્વારા આપવામાં આવી.

૫.શ્રી રમેશભાઈ ચૌધરી એ મહાસંઘ (ફેડરેશન) માં ગ્રામ્ય વિસ્તારોનાં ગરીબ સભ્યો માટે નોમીનલ સભ્ય ફી ૨૧/– રાખવા સજેશન કર્યુ. જેનો સર્વાનુમતે સ્વિકાર કરવામાં આવ્યો.

૬.શ્રી નટુભાઈ ચૌધરીએ પ્રવેશ ફી પાંચ રૂપિયા રાખવા સજેશન કર્યુ.જેનો સ્વિકાર કરવામાં આવ્યો.

૭.હાજર સભ્યો પોતાના ગામોમાં પ્રચાર પ્રસાર કરે અને સભ્ય નોંધણી માટે પ્રયત્નો કરે તેવું નકકી કરવામાં આવ્યું

૮.શ્રી કે.વી ચૌધરી ને સભ્ય ફીની સિલીંગ કાઢી નાંખવાનુ સજેશન કર્યુ. દક્ષિણ ગુજરાત ચૌધરી સમાજનાં બદલે ચૌધરી સમાજ સેવા સંઘ નામ આપવા પણ સુચવ્યું.

શ્રી તુષારભાઈ ચૌધરી એ ચૌધરીઓ ફકત દક્ષિણ ગુજરાત માંજ હોઈ એજ તેમની ઓળખ હોઈ આજ નામ યોગ્ય હોવાનું જણાવ્યું.

૯.પ્રવૃતિનાં હકદાર કોણ હશે તેનો ઉલ્લેખ કરવા ચર્ચા થઈ જેમાં દક્ષિણ ગુજરાત નાં તમામ ચૌધરી જાતિનાં સભ્યો હકદાર હશે. તેવુ પ્રભુદાસ બી. ચૌધરી એ જણાવ્યું.

૧૦.શ્રી બી .એસ ચૌધરીએ મહાસંઘના ઉદ્દેશો–હેતુઓ લોકો સુધી પહોંચાડવા પત્રિકા જેવું સાહિત્ય તૈયાર કરવાનું સુચન કર્યુ.જેનો સર્વાનુમતે સ્વિકાર કરવામાં આવ્યો.

૧૧.ચૌધરી સમાજની વસ્તી ધરાવતા સુરત,ભરૂચ, નવસારી, જિલ્લા ઓના ૯ તાલુકાઓમાં તાલુકાની વસ્તી દીઠ વધુ માં વધુ બે ગ્રામ્ય કક્ષાનાં તાલુકા યુનિટો નાં સભ્યોનેકારોબારીમાં સમાવવા સર્વાનુમતે નકકી કરવામાં આવ્યું.

૧૨.દક્ષિણ ગુજરાત સમસ્ત ચૌધરી સમાજ મહાસંઘ (ફેડરેશન) નાં યુનિટ સભ્યો ની નોંધણી માટે તાલુકા ડેલીગેટોની યાદી નીચે મુજબ તૈયાર કરવામાં આવી.

૧૩.શ્રી અરૂણભાઈ સી ચૌધરી એ ચૌધરી સમાજનું ઉદ્ગમ સ્થાન પાવાગઢ મુકામે થયેલ હોઈ આગામી બેઠક તા.૨૧/૧/૦૭ નાં રોજ પાવાગઢ મુકામે રાખી ને દક્ષિણ ગુજરાત સમસ્ત ચૌધરી સમાજ ની રચના કરવાનું જણાવતા તમામ સભ્યો એ સર્વાનુમતે તેનો સ્વિકાર કરીને દક્ષિણ ગુજરાત સમસ્ત ચૌધરી સમાજની રચના તથા કારોબારી અને બંધારણ તા.૨૧/૧/૦૭ નાં રોજ પાવાગઢ મુકામે મળનાર સંમેલનમાં મંજુર કરવાની કાર્યવાહી કરવાનું નકકી કરવામાં આવ્યું

૧૪.હાલમાં નોંધાયેલ અને સુચિત પંરતુ કાર્યરત ચૌધરી સમાજને તેમની કારોબારી અથવા અન્ય લાયક બે સભ્યોને મહાસંઘ (ફેડરેશન)ની કારોબારીમાં નિમણુંક આપવા અંગે નાં ઠરાવ સાથે હાજર રહે તેવુ પણ સર્વાનુમતે ઠરાવવમાં આવ્યું.

૧૫. ખૂબજ સોહાર્દપૂર્ણ વાતાવરણમાં સૌનો આભાર માની બેઠક સમાપ્ત કરવામાં આવી

પ્રભુદાસ બી.ચૌધરી

મહામંત્રી
દક્ષિણ ગુજરાત સમસ્ત ચૌધરી સમાજ
મહાસંઘ(ફેડરેશન)સુચિત